**આંક – ૫ લગત હુકમઃ**

**(૦૧)** હાલનો દાવો **Right of Way** સંબંધે દાખલ કરવામાં આવેલ છે. વાદી દ્વારા હાલના દાવાથી વિજ્ઞાપન અને કાયમી તાકીદની દાદ માંગવામાં આવેલ છે. દાવા સાથે સિવિલ પ્રોસીઝર કોડ ઓર્ડર – ૩૯, રૂલ – ૧ તથા ૨ હેઠળ દરમિયાન મનાઈ અરજી રજુ રાખવામાં આવેલ છે.

**દરમિયાન મનાઈ અરજીની સંક્ષિપ્ત હકીકત હવે પછી નીચે મુજબ વર્ણવેલ છે.**

વાદી મુલસણા ગામે રહે છે અને ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. વાદી નં.૧ થી ૫ ની મુલસણા ગામે **સર્વે નં.૩૫૭** અને **સર્વે નં.૩૫૮** વાળી ખેતીની જમીન આવેલ છે. વાદી નં.૧ થી ૫ સદરહું જમીનના સ્વતંત્ર માલિક–કબજેદાર છે. આ કામના પ્રતિવાદી રેવાજી આતાજીની **સર્વે નં.૨૬૯** ની મુલસણા ગામે ખેતીની જમીન આવેલ છે. વાદીનું કથન છે કે, પ્રતિવાદી રેવાજી આતાજી તેમના સર્વે નં.૨૬૯ વાળી જમીનમાં આવ–જા કરવા માટે સર્વે નં.૨ ની જમીનમાં આવેલ રસ્તાનો ઉપયોગ કરે છે. વાદીઓની માલિકીની સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીનમાં પ્રતિવાદીને કોઈ હક્ક, હિત કે અધિકાર ન હોવા છતાં પ્રતિવાદીએ મામલતદાર કોર્ટ એક્ટ કલમ–૫(૨) મુજબ મામલતદાર સમક્ષ ખોટી રજુઆત કરી, ખોટી અરજી કરી, ખોટો બનાવ ઉભો કરી અરજી કરેલ અને તે અરજી અનુસંધાને વાદીઓને નોટીસ બજતાં વાદીઓ મામલતદાર સમક્ષ જવાબ રજુ કરેલ છે. વાદીઓએ તટસ્થ સાક્ષીઓના સોગંદનામા મામલતદારશ્રી સમક્ષ રજુ કરેલ પરંતુ, મામલતદારશ્રી મામલતદાર કોર્ટ એક્ટની કલમ–૭, કલમ–૮, કલમ–૯, કલમ–૧૦, કલમ–૧૧ ની જોગવાઈનું પાલન કર્યા સિવાય આજ્ઞાકારી જોગવાઈઓની વિરૂદ્ધ જઈ, મનઘડત હુકમ તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ હુકમ કરેલ અને સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીનમાંથી જવા દેવા અને તેમાં અવરોધ દૂર કરી આપવા હુકમ કરેલ. સદરહું હુકમથી નારાજ થઈ વાદીઓએ મામલતદાર કોર્ટ એક્ટની કલમ–૨૩(૨) મુજબ પ્રાંત અધિકારી સમક્ષ રીવીઝન કરેલ છે. વાદીનું કથન છે કે, પ્રતિવાદી માથાભારે માણસ છે. પ્રતિવાદી પંચાયતમાં તથા રાજકારણમાં વગ ધરાવે છે. મામલતદારશ્રી પાસે સત્તાનો દુરૂપયોગ કરાવી વાદીની માલિકીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં નવો રસ્તો પડાવવા માટે ધમકી આપેલ છે. તેમજ તે મુજબનો હુકમ મામલતદાર પાસે કરાવી દીધેલ છે. વાદીઓની માલિકીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં આ કામના પ્રતિવાદીનો કોઈ રસ્તો આવેલ નથી.

**(૦૨)** વાદીનું કથન છે કે, પ્રતિવાદીને તેમના ખેતર સર્વે નં.૨૬૯ માં જવા માટે થોળ ગામ જતાં રસ્તે જે સરકારી નેળિયું આવેલ છે, તે રસ્તે થઈને પ્રતિવાદી પોતાના સર્વે નં.૨૬૯ માં આવ–જા કરે છે. પ્રતિવાદીએ મામલતદારશ્રી સમક્ષ જે અરજી કરેલી તે અરજીમાં પણ

તેમના ખેતરે જવા માટે કલોલ સર્વે નં.૨ માં થઈ તેમના ખેતર સર્વે નં.૨૬૯ માં જતાં હોવાની સ્પષ્ટ કબુલાત કરેલ છે. તેથી પ્રતિવાદી સર્વે નં.૨ વાળી જમીનમાં થઈને આવ–જા કરતાં હોવાની સ્પષ્ટ કબુલાત હોવા છતાં તે કબુલાત ધ્યાને લીધેલ નથી. વાદીનું કથન છે કે, પ્રતિવાદીના સર્વે નં.૨૬૯ માં સર્વે નં.૨ માં થઈ આવ–જા થતી હોવા છતાં વાદીઓના માલિકીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં નવેસરથી ખોટો રસ્તો પડાવવા પ્રતિવાદી સતત ધમકી આપતાં રહેલ છે. મામલતદારશ્રીએ મામલતદાર કોર્ટ એક્ટ કલમ– ૫(૨) મુજબ કરેલ હુકમ કલમ–૭ થી ૧૧ માં દર્શાવેલ જોગવાઈઓનું પાલન કર્યા સિવાય કરવામાં આવેલ છે. વાદીનો પ્રથમ દર્શનીય મજબૂત કેસ છે. જો વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીના દિવાની હક્કોને મોટું નુકસાન થાય તેમ છે. જેથી, તાત્કાલિક મનાઈ હુકમ ફરમાવવા અનુરોધ કરેલ છે. વાદીએ દરમિયાન મનાઈ અરજીની વિગતે પોતાના માલિકીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં પ્રતિવાદી રસ્તો પાડે–પડાવે નહી કે જમીનમાં પ્રવેશ કરે–કરાવે નહી તેવા કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૦૩) પ્રતિવાદી દ્વારા આંક – ૧૫ થી દાવા તથા દરમિયાન મનાઈ અરજીનો સંયુક્ત લેખિત જવાબ રજુ રાખી વાદીના દાવા તથા મનાઈ અરજીનો સદંતર ઈન્કાર કરી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખરી અને કાયદેસર ન હોઈ રદ્દ ફરમાવવા અનુરોધ કરેલ છે. પ્રતિવાદી પક્ષે લેખિત જવાબની વિગતે કથન છે કે, વાદીએ મટેરીયલ ફેક્ટ્સ સપ્રેશ કરેલ છે. પ્રતિવાદી દ્વારા લેખિત જવાબની વિગતે કથન કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીની જમીન સર્વે નં.૨૬૯ માં જવા માટે વાદી દ્વારા રસ્તો બંધ કરવામાં આવેલ છે. જેથી, પ્રતિવાદી સર્વે નં.૨ વાળી જમીન કે જે ગામતળની માલિકીની આવેલ છે, તેનો ઉપયોગ કરે છે. પ્રતિવાદીનું કથન છે કે, સર્વે નં.૨ વાળી જમીનવાળા રસ્તે થઈ સર્વે નં.૩૫૭ વાળી જમીન ઉપર જવાય છે અને ત્યારબાદ પ્રતિવાદીની સર્વે નં.૨૬૯ વાળી જમીન આવે છે. જેથી, પ્રતિવાદીની સર્વે નં.૨૬૯ વાળી જમીનમાં જવા માટે ગામતળની સર્વે નં.૨ ઉપર થઈ સર્વે નં.૩૫૭ થી નીકળી સર્વે નં.૨૬૯ વાળી જમીન ઉપર જવાનો રસ્તો આવેલ છે. વાદીની માલિકીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીનમાં પ્રતિવાદીનો કોઈ હક્ક–અધિકાર ન હોવાની હકીકતનો પ્રતિવાદી પક્ષે ઈન્કાર કરવામાં આવેલ છે. પ્રતિવાદી પક્ષે કથન છે કે, છેલ્લા પાંચ–છ દાયકાથી પ્રતિવાદીના વડીલો અને પૂર્વજો સર્વે નં.૩૫૭ અને ૩૫૮ ની જમીન ઉપર આવ–જા કરતાં અને તે જ રસ્તે પ્રતિવાદી ખેતી કરી ઉપજ મેળવી ગુજરાન ચલાવે છે અને તે જ રસ્તે અવર–જવર કરતાં આવેલા છે. પ્રતિવાદીએ મામલતદાર કોર્ટ સમક્ષ ખોટી અરજી કરેલ હોવાની હકીકતનો પ્રતિવાદી પક્ષે ઈન્કાર કરવામાં આવેલ છે. પ્રતિવાદી પક્ષે લેખિત જવાબની વિગતે કથન છે કે, વાદીઓ માથાભારે માણસ છે અને તેમનું કુટુંબ મોટું છે અને પ્રતિવાદી સાવ ગરીબ અને ખેડૂત

માણસ છે. પ્રતિવાદીનું કથન છે કે, પ્રતિવાદીનું ખેતરમાં મકાન બનતું હોવાથી તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ રેતીની ટ્રક આવેલી, જે ટ્રક ખાલી કરી પરત આવતાં વાદીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી. જે સંબંધે તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી અને વાદીઓએ આવવા-જવા માટેનો રસ્તો બંધ કરી દીધેલ. જેથી, પ્રતિવાદીએ તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ મામલતદાર સમક્ષ કલમ-૫(૨) મુજબ કાર્યવાહી કરવા માટે અરજ ગુજારેલ. જે અન્વયે મામલતદાર કોર્ટ કેસ નં.૫/૨૦૨૨ ઉપસ્થિત થયેલ અને મામલતદારશ્રી, કલોલે તા.૧૯/૦૨/૨૦૨૩ ના રોજ સ્થળ ઉપર હાજર રહી, સાક્ષી ઠાકોર પોપટજી સોમાજી તથા સાક્ષી ઠાકોર ભીખાજી બિજલજીની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ અને તે પંચનામામાં વાદીઓએ આવવા-જવાના રસ્તા ઉપર ફેન્સીંગ વાડ કરી દીધેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ અને ત્યારબાદ મામલતદારશ્રીએ પ્રતિવાદીઓ વિરૂદ્ધ હુકમ કરેલ અને અવરોધ ઉઠાવી લેવાં માટે હુકમ કરેલ. જે સામે વાદીઓએ રીવીઝન કરેલ છે. પ્રતિવાદી દ્વારા લેખિત જવાબની વિગતે કથન છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમાં છે અને જો મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીને નાણામાં વાળી ન શકાય તેવું નુકસાન જવાનો પુરેપૂરો સંભવ છે. જેથી, વાદીની દરમિયાન મનાઈ અરજી નામંજુર કરવા અનુરોધ કરેલ છે.

**(૦૪)** ઉભય પક્ષકારોની વિસ્તૃત રજુઆતો સાંભળી. સૌપ્રથમ સ્વીકૃત હકીકત જોવામાં આવે તો મોજે ગામ મુલસણા મુકામે આવેલ  સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીન વાદીઓની માલિકીની હોવાની હકીકત બંને પક્ષે સ્વીકૃત છે. તે જ રીતે સર્વે નં.૨૬૯ વાળી જમીન પ્રિતવાદીની માલિકીની હોવાની હકીકત પણ તકરારી નથી. પ્રતિવાદીએ મામલતદાર કોર્ટ કેસ નં.૦૫/૨૦૨૨ ઉપસ્થિત કરતાં મામલતદારશ્રીએ સર્વે નં.૩૫૭ અને ૩૫૮  માંથી રસ્તો ખુલ્લો કરી આપવા તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ હુકમ કરેલ હોવાની હકીકત અને તે હુકમ સામે પ્રાંત અધિકારી સમક્ષ રીવીઝન પડતર હોવાની હકીકત પણ બિનતકરારી છે.

**(૦૫)** સૌપ્રથમ મામલતદારશ્રી, કલોલે મામલતદાર કેસ નં.૦૫/૨૦૨૨ ના કામે કરેલ હુકમ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

***વિવેચનઃ-***

*સદર હકીકતે રજુ થયેલ દસ્તાવેજો તથા કામના કાગળોની વિગત તથા રેવન્યુ તલાટીશ્રીના પંચનામામાં કરેલ પંચનામા મુજબ મોજે મુલસણા, તા. કલોલના સર્વે/બ્લોક નં.૨૬૯ વાળી જમીન ઠાકોર રેવાજી આથાજીના નામે ચાલે છે. સદર સર્વે/બ્લોક નં.૨૬૯ વાળી જમીનમાં આવવા જવા માટે સર્વે/બ્લોક નં.૩૫૭ (જુના સર્વે/બ્લોક નં.૬) તેમજ સર્વે/બ્લોક નં.૩૫૭ (જુના સર્વે/બ્લોક નં.૭) વાળી જમીનમાં થઈ ઉપયોગ થાય છે. જે સર્વે/બ્લોક નં.૩૫૭ તેમજ ૩૫૮*

વાળી જમીનના માલિક ઠાકોર જીલાજી લાખાજી વિગેરે દ્વારા આવવા જવાનો રસ્તો તા.૧૭/૦૫/૨૦૨૨ થી બંધ કરવામાં આવેલ છે . જે હાલમાં સર્વે નં.૩૫૭ તેમજ ૩૫૮ વાળી જમીનના માલિક દ્વારા રસ્તામાં વાડ તેમજ ફેન્સીંગ કરેલ છે. ( જે માટેના રૂબરૂ સ્થળ તપાસના ફોટો સામેલ છે.) વધુમાં કોર્ટ દ્વારા સ્થળસ્થિતિની ચકાસણી વખતે દીપાજી દશરથજી ઠાકોર, રહે. મુલસણા, મહેશજી જુહાજી ઠાકોર, રહે. મુલસણા તથા ઠાકોર શંભુજી કાલાજી, રહે. મુલસણાનાઓના તા.૧૯/૦૧/૨૦૨૩ ના રોજ લીધેલ રૂબરૂ જવાબમાં જણાવેલ છે કે, સને – ૧૯૫૫ માં (આશરે) બબાજી આતાજી ઠાકોરની જમીનમાં પાણીનો બોર બનાવવા માટે રબારી ભાથીભાઈને જમીન આપેલી. સદરહું બોરમાંથી પાણી લેવા આવવા–જવા માટે સમજૂતીથી પ્રતિવાદીની માલિકીની જમીનમાંથી રસ્તો અવર–જવર હેતું આપેલ હતો. સદર રસ્તો પ્રતિવાદીને આ કામના વાદી રેવાજી આતાજી ઠાકોરના વારસદારો જોડે અન્ય કોઈ બાબતની તકરાર થથાં તા.૧૭/૦૫/૨૦૨૨ થી સદરહું રસ્તો પ્રતિવાદીની માલિકીની જમીનમાંથી બંધ કરેલ છે. તેમજ સ્થળસ્થિતિની રૂબરૂ ચકાસણીના આધારે કોર્ટ એ તારણ પર આવે છે કે, વાદીઓ પાતના સર્વે નં.૨૬૯માં જવા માટે સરકારી નાળિયામાંથી થઈને પ્રતિવાદીના ખાનગી માલિકીના સર્વે નં.૩૫૭ તથા ૩૫૮ માં અવર–જવર કરે છે. પરંતુ, તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ દીપાજી દશરથજી ઠાકોર, રહે. મુલસણા, મહેશજી જુહાજી ઠાકોર, રહે. મુલસણા તથા ઠાકોર શંભુજી કાલાજી, રહે. મુલસણા દ્વારા સોગંદનામું કરી જણાવેલ છે કે, સદરહું રૂબરૂ જવાબમાં સહીઓ કોરા કાગળમાં લીધેલ છે. જે રૂબરૂ જવાબ ખોટો અને ગેરકાયદેસરનો છે. તેમ જણાવેલ છે. તેમજ આ કામના વાદીના રૂબરૂ જવાબમાં અન્ય કોઈ બાબતની તકરાર થતાં આ કામન્ પ્રતિવાદી દ્વારા રસ્તો બંધ કરવામાં આવેલ છે. તેમ જણાવેલ છે. આમ, પંચનામા મુજબ તથા સ્થળસ્થિતિની ખાતરી કરતાં વર્ષોથી આ કામના વાદી પ્રતિવાદીની જમીનમાં થઈને રસ્તાનો ઉપયોગ કરતાં હોવાનું જણાય આવે છે. પરંતુ અન્ય કોઈ બાબતની તકરાર થથાં આડશ/અવરોધથી પ્રતિવાદી દ્વારા રસ્તો બંધ કરેલ હોવાનું જણાય છે. આમ, મામલતદાર કોર્ટ અધિનિયમ–૧૯૦૬ ની કલમ–૧૯ ની પેટા કલમ–૪(ગ) અન્વયે પ્રતિવાદીએ ૬ માસની અંદર અડચણ ઉભુ કરેલ છે. તેવું જણાય છે. તેમજ વાદીનો પોતાની મિલકતનો કબજો/ભોગવટો કરવામાં પ્રતિવાદી દ્વારા અડચણનો પ્રયત્ન પણ થયો છે. જે રૂબરૂ સ્થળસ્થિતિની તપાસણી અને ફોટોગ્રાફ્સ તેમજ પંચનામાના આધારે ફલિત થાય છે. જેથી, આ કામે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આથી હું મામલતદાર કોર્ટ એક્ટની કલમ – ૨૧ મુજબ મોજે મુલસણા, તા. કલોલ, જી. ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૬૯ (જુના સર્વે/બ્લોક નં.૫/૨ પૈકી) વાળી જમીનમાં આવવા જવા માટે મોજે મુલસણા, તા. કલોલના જુના સર્વે નં.૬ તથા જુના સર્વે નં.૭ રી સર્વે નંબર અનુક્રમે ૩૫૭ તથા ૩૫૮ માં રસ્તા પરનો અવરોધ હટાવી રસ્તા પર અવર–જવર થઈ શકે તે મુજબ ખુલ્લો કરી આપવા પ્રતિવાદીને આથી હુકમ કરવામાં આવે છે. વાદીઓનો સદરહું બાબતે માલિકી હક્ક રહેશે નહી, તેમજ અન્ય EASEMENT અધિકારો ઉપર પણ હક રહેશે નહી.

પક્ષકાર સદર હુકમથી નારાજ થયેલ હોઈ તો આ હુકમની તારીખથી દિન – ૬૦ માં સક્ષમ કોર્ટમાં ફેર તપાસ અર્થે દાદ મેળવી શકાશે.

હુકમની પક્ષકારોને લેખિતમાં જાણ કરવી. આજ તા.૨૪ માહેઃ માર્ચ ૨૦૨૩ ના રોજ મારી સહી, સિક્કા કર્યા.

*સહી/અવાચ્ય*
*એસ. આર. ત્રિવેદી,*
*મામલતદાર, કલોલ ગ્રામ્ય*

ઉપરોક્ત હુકમ વંચાણે લેતાં સ્થળસ્થિતિની ચકાસણી વખતે દીપાજી દશરથજી ઠાકોર, મહેશજી જુહાજી ઠાકોર તથા શંભુજી કાલાજી ઠાકોરે તા.૧૯/૦૧/૨૦૨૩ ના રોજ રૂબરૂમાં એવી હકીકત જણાવેલ કે, ***"બોરમાંથી પાણી લેવા આવવા-જવા માટે સમજૂતીથી પ્રતિવાદીની માલિકીની જમીનમાંથી રસ્તો અવર-જવર હેતું માટે આપેલ હતો".*** આમ, મામલતદારશ્રીએ હાલના પ્રતિવાદી કે જે મામલતદાર કોર્ટ સમક્ષ વાદી (અરજદાર) હતાં તેમની અરજી અનુસંધાને મામલતદારશ્રીએ સ્થળ ચકાસણી કરતાં ત્રાહિતોએ સ્પષ્ટપણે લખાવેલ કે, ***"સમજૂતીથી રસ્તો આપેલ"*** હતો. ત્યારબાદ મામલતદારશ્રીનો હુકમ આગળ વાંચવામાં આવે તો સદરહું ત્રાહિતોએ બીજા જ દિવસે તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ મામલતદાર સમક્ષ સોગંદનામું કરી એવી હકીકત જણાવે છે કે, સદરહું *રૂબરૂ જવાબમાં તેમની સહીઓ કોરા કાગળમાં લેવામાં આવેલ અને રૂબરૂ જવાબ ખોટો અને ગેરકાયદેસર છે.* આમ, મામલતદાર સમક્ષ સ્થળસ્થિતિની મુલાકાત સમયે રૂબરૂમાં જે હકીકત જણાવેલ, તેનાથી ભિન્ન હકીકત બીજા દિવસે સોગંદનામું કરી જણાવેલ છે. જે સંબંધે વિચારણા કરવામાં આવે તો ત્રાહિત વ્યક્તિઓ કે જે મામલતદારશ્રીના સ્થળ ઉપરના પ્રોસીડીંગમાં રસ્તો સમજૂતીથી આપવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે અને બીજા દિવસે સોગંદનામું કરી મામલતદારશ્રીએ કોરા કાગળ ઉપર સહીઓ લઈ લીધેલ હોવાનો આક્ષેપ કરે છે. જે સમગ્ર પ્રોસીડીંગ શંકાસ્પદ છે.

**(૦૬)** એ હકીકત છે કે, જ્યારે કોઈ રસ્તા ઉપર અડચણ-અંતરાય કરવામાં આવેલ હોય ત્યારે મામલતદાર કોર્ટ એક્ટ મુજબ મામલતદારશ્રીને કલમ-૫(૨) અન્વયે તેવો અડચણ-અંતરાય દૂર કરવાનો હુકમ કરવાની સત્તા રહેલ છે. મામલતદારશ્રીએ આવો હુકમ બંને પક્ષોને સાંભળીને કરવાનો રહે છે. આ ઉપરાંત, મામલતદાર કોર્ટ એક્ટની કલમ – ૧૯ મુજબ મામલતદારશ્રીએ સ્થળ ઉપર જાતે જઈ પ્રોસીડીંગ કરવું મેન્ડેટરી છે. મામલતદારશ્રીની સત્તાથી સિવિલ કોર્ટની સત્તા ઉપર કાપ આવી શકે નહી. જેથી, ઈન્ડીપેન્ડેન્ટલી બંને પક્ષનો કેસ જોવામાં આવે તો મામલતદારશ્રી સમક્ષ હાલના પ્રતિવાદીએ પોતાનો સર્વે નં.૨૬૯ માં જવાનો રસ્તો બંધ કરી દીધેલ હોવાની અરજી કરેલ. જે અરજી આ કામના વાદીએ માર્ક – ૩/૭ થી રજુ રાખેલ છે. જે અરજી વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબની વિગત લખવામાં આવેલ છે.

"કલોલ તાલુકાના મુલસણા ગામે અમો અરજદારની વડીલોપાર્જીત જમીન મુલસણા ગામથી થોડીક દૂર આવેલ છે. જેનો સર્વે/બ્લોક નં.૨૬૯

આવેલ છે. સદરહું જમીનમાં જવા–આવવા માટે ગામથી નીકળતાં વચ્ચે બ્લોક નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીનમાં થઈને આશરે પાંચથી છ દાયકાથી આ રસ્તે થઈને અમારી અવર–જવર આજદિન સુધી ચાલુ છે. **વધુમાં,** _ગામથળની સર્વે નં.૨ વાળી જમીનમાં થઈને અમારા ખેતરમાં અમો અવર–જવર કરીએ છીએ_ પરંતુ, અમો અરજદારનો ખેતરમાં જવાનો રસ્તો સર્વે નં.૩૫૭ અને ૩૫૮ ની જમીનના માલિક જાલાજી લાખાજી વિગેરેએ તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ અમો અરજદાર સાથે ખૂબ જ ઉગ્ર તકરાર કરીને વર્ષો જૂનો આવવા–જવાનો રસ્તો બંધ કરી દીધેલ છે."

**(૦૭)** આ કામના પ્રતિવાદીએ મામલતદારશ્રીને કરેલ અરજી જોતાં પ્રથમ ભાગમાં પ્રતિવાદી પોતાનો રસ્તો સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાળી જમીનમાં થઈને આવેલ હોવાની હકીકત જણાવે છે અને આ રસ્તો વર્ષો જુનો હોવાની હકીકત જણાવે છે. ત્યારબાદ પોતે ગામથળની સર્વે નં.૨ વાળી જમીનમાં થઈને પોતાના ખેતરમાં અવર–જવર કરતાં હોવાની હકીકત જણાવે છે. જેથી, પ્રતિવાદીને પોતાના સર્વે નં.૨૬૯ માં જવા માટે વૈકલ્પિક રસ્તો આવેલ હોવાની હકીકત પ્રથમ દર્શનીય ફલિત થાય છે. જે હકીકત મામલતદારશ્રીએ પોતાના હુકમમાં કોઈપણ જગ્યાએ વિચારણામાં લીધેલ નથી. જો કે અત્રે ઉલ્લેખ કરવો ન્યાયોચિત છે કે, હાલની સિવિલ કોર્ટ તે મામલતદારશ્રીના હુકમ સામેની એપેલેટ કોર્ટ નથી પરંતુ, રાઈટ ઓફ વે બાબતે ઉપરોક્ત બાબત ધ્યાને લેવી જરૂરી છે. હવે, વાદીની તરફેણમાં ગ્રામજનોએ કરેલ સોગંદનામા જોવામાં આવે તો **રબારી ભાથીભાઈ કરશનભાઈએ સોગંદનામું (માર્ક – ૩/૧૨)** કરેલ છે કે, ઠાકોર રેવાજી આતાજી (પ્રતિવાદી) ને જાલાજી લાખાજી (વાદી) વિગેરેની જમીનમાં કોઈ રસ્તો નથી અને આ ઠાકોર રેવાજી આતાજીને પોતાના સર્વે નં.૨૬૯ માં જવું હોય તો તેનો રસ્તો સર્વે નં.૩૫૭ કે ૩૫૮ માં જતો નથી પરંતુ, તેનો રસ્તો થોળ ગામ જવાના રસ્તે થઈને સરકારી નેળિયું આવે છે તે નેળિયામાંથી સર્વે નં.૨૬૯ માં રસ્તો જાય છે તે હકીકત અમોએ જાણીએ છીએ.

**(૦૮)** ત્યારબાદ વાદીની તરફેણમાં **ઠાકોર ગાભાજી ગલબાજી (માર્ક – ૧૪/૧)** થી સોગંદનામું કરી જણાવે છે કે, આ કામના વાદીઓ ઠાકોર ઝાલાજી લાખાજી, શારદાબેન જુહાજી, ખોડાજી જુહાજી, મહેશજી જુહાજી તથા કાળીબેન જુહાજીને અમો ઓળખીએ છીએ અને તે અમારા ગામના છે અને તેવી જ રીતે પ્રતિવાદી ઠાકોર રેવાજી આતાજીને પણ અમો ઓળખીએ છીએ અને તે પણ અમારા ગામના છે. આ ઠાકોર રેવાજી આતાજી અને ઠાકોર ઝાલાજી લાખાજી વિગેરેનાઓ વચ્ચે રસ્તાની તકરારના કેસો થયા હોવાનું અમો જાણીએ છીએ. અમો આ સોગંદનામું કરનારની મુલસણા મુકામે જુના સર્વે નં.૫૪૫ અને નવો સર્વે નં.૨૪૩ ની ખેતીની જમીન આવેલ છે.

એટલે કે, વાદીઓની જમીનની બાજુમાં જ અમો સોગંદનામું કરનારની ખેતીની જમીન આવેલી છે અને તેથી અમારા એકબીજાના ખેતરો એક જ સીમમાં મુલસણા મુકામે આવેલા છે. અમો સોગંદનામું કરનાર અમારા જન્મથી મુલસણા મુકામે રહીએ છીએ અને અમારી ૭૮ વર્ષની ઉંમરમાં અમોએ પ્રતિવાદીને કદી પણ વાદીઓના સર્વે નંબરમાંથી તેમનો રસ્તો હોય અને તે ચાલતાં હોય તેવું કદી જોયેલ નથી અને પ્રતિવાદી તેમના સર્વે નં.૨૬૯ ના ખેતરે જવા માટે થોળ ગામે જતા રસ્તે જે નેળિયું આવેલ છે ત્યાંથી તેમજ સર્વે નં.૨ માં જે માતાનું મંદિર આવેલ છે ત્યાંથી તેમના ખેતરે આવતા-જતાં અમો સોગંદનામું કરનારે તેમને જોયેલા છે.

આ કામના <u>પ્રતિવાદી રેવાજી આતાજી કદી તેમના સર્વે નં.૨૬૯ ના (જુના સર્વે નં.૫/૨) ના ખેતરે જવા માટે કદી પણ સર્વે નં.૩૫૭ અને ૩૫૮ એટલે કે જુના સર્વે નં.૬ અને ૭ ની જમીનમાં ચાલતાં હોય કે તે જમીનમાં તેમનો રસ્તો આવેલો હોય તેવું અમોએ કદી જોયેલ નથી</u> અને તે રીતે પ્રતિવાદીનો રસ્તો વાદીઓના ખેતરમાંથી જતો નથી જે હકીકત અમો જાણીએ છીએ અને પ્રતિવાદી મુલસણા ગામના સર્વે નં.૯ તથા સર્વે નં.૨ ની જમીનમાંથી પોતાના ખેતરે એટલે કે સર્વે નં.૫/૨ માં આવ-જા કરે છે તે હકીકત અમો જાણીએ છીએ અને ઉપરોક્ત હકીકતે વાદીઓની જમીનમાં પ્રતિવાદીનો કોઈ રસ્તો નથી તે હકીકત સત્ય છે.

(૦૯) ત્યારબાદ ત્રાહિત બાબુજી પ્રતાપજી ઠાકોર માર્ક – ૧૪/૨ થી, નાથુજી ચેલાજી ઠાકોરે માર્ક – ૧૪/૩ થી સોગંદનામા કરેલ છે અને સોગંદ ઉપર જણાવેલ છે કે, પ્રતિવાદી મુલસણા ગામના સર્વે નં.૯ તથા સર્વે નં.૨ ની જમીનમાંથી પોતાના ખેતરે સર્વે નં.૫/૨ માં આવ-જા કરે છે. આ ઉપરાંત,પ્રતિવાદી રેવાજી આતાજી કદી તેમના પોતાના સર્વે નં.૨૬૯ (જુના સર્વે નં.૫/૨) ના ખેતરે જવા માટે કદી પણ સર્વે નં.૩૫૭ અને ૩૫૮ એટલે કે જુના સર્વે નં.૬ અને ૭ ની જમીનમાં ચાલતાં હોય કે તે જમીનમાં તેમોન રસ્તો આવેલો હોય તેવું અમોએ કદી જોયેલ નથી અને તે રીતે પ્રતિવાદીનો રસ્તો વાદીઓના ખેતરમાંથી જતો નથી તે હકીકત અમો જાણીએ છીએ.

(૧૦) મુલસણા ગામના સરપંચશ્રી ઠાકોર કાળાજી ભીખાજી માર્ક – ૧૪/૫ થી સોગંદનામું કરી જણાવે છે કે, તેઓ ઠાકોર ઝાલાજી લાખાજી વિગેરેને ઓળખે છે. તેવી જ રીતે પ્રતિવાદી રેવાજી આતાજીને પણ ઓળખે છે. ઠાકોર રેવાજી આતાજી અને ઠાકોર ઝાલાજી લાખાજી વચ્ચે રસ્તાની તકરારના કેસો થયેલાની હકીકત તેઓ જાણે છે. તેઓ મુલસણા ગામના સરપંચ છે અને જન્મથી જ મુલસણા ગામે રહે છે અને <u>બંને પક્ષોને સારી રીતે ઓળખે છે, તેમજ બંને પક્ષોના ખેતર તેઓએ જોયેલા છે. સરપંચશ્રી સોગંદનામાની વિગતે જણાવે છે કે, પ્રતિવાદી રેવાજી આતાજીનું મુલસણા ગામે આવેલ સર્વે નં.૨૬૯ અને જુના સર્વે નં.૫/૨ નું ખેતર આવેલ છે, તે ખેતરે જવા માટે</u>

પ્રતિવાદી રેવાજી આતાજીને સર્વે નં.૨ વાળો માતાજીનું મંદિર આવેલ છે તે સર્વે નંબરમાં થઈને રસ્તો લાગવું પડે છે, તેમજ તેવી જ રીતે સરકારી નેળિયામાંથી પણ રસ્તો લાગુ પડે છે અને સર્વે નં.૯ માં થઈને પણ પ્રતિવાદી રેવાજી આતાજી તેમના ખેતરે આવ–જા કરે છે.

(૧૧) વાદીની તરફેણમાં ત્રાહિત પક્ષકાર તથા સરપંચશ્રીએ કરેલ સોગંદનામા ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, કેટલાંક ત્રાહિત વ્યક્તિએ પ્રતિવાદીનો રસ્તો વાદીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં આવેલ નથી તેવી હકીકત સોગંદ ઉપર જાહેર કરેલ છે પરંતુ, તમામ સોગંદકર્તાઓએ એ હકીકત સ્પષ્ટ જણાવે છે કે, પ્રતિવાદીને પોતાના સર્વે નં.૨૬૯ જવા માટે સર્વે નં.૨ અને ૯ માંથી તેમજ સરકારી નેળિયે થઈ જવાનો વૈકલ્પિક રસ્તો આવેલ છે. સર્વે નં.૩૫૭ અને ૩૫૮ વાદીના ખાનગી માલિકીના સર્વે નંબર હોવાની હકીકત સ્પષ્ટ છે. પ્રતિવાદીને વૈકલ્પિક રસ્તો હોવાની હકીકત પણ રેકર્ડ પર સ્પષ્ટ થાય છે. ઉપરોક્ત પરિસ્થિતિના પ્રકાશમાં પ્રતિવાદી પર તે હકીકત દર્શાવવાનો હેવી બોજો રહે છે કે, પોતાનો વર્ષો જુનો રસ્તો વાદીના સર્વે નંબરમાંથી આવેલ છે. આગળ ઉપર ચર્ચા કર્યાનુસાર મામલતદારશ્રીએ જ્યારે સ્થળ ચકાસણી કરી ત્યારે આ રસ્તો સમજૂતીથી આપવામાં આવેલ હોવાની હકીકત ત્રાહિતોના રૂબરૂ જવાબમાંથી બહાર આવવા પામેલ છે. પ્રતિવાદી દ્વારા રજુ રાખવામાં આવેલ લેખિત જવાબ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ પ્રતિવાદીનો એવી સ્પેશિફિક ઈન્કારિયત રહેલ નથી કે વાદીના ખેતરમાં થઈને જવા સિવાય પોતાનો અન્ય કોઈ વૈકલ્પિક માર્ગ રહેલ નથી. આમ, ત્રાહિતોના સોગંદનામા તેમજ પ્રતિવાદીની પોતાની સ્વીકૃતિ લક્ષમાં લેતાં વાદીને વૈકલ્પિક માર્ગ રહેલ છે ત્યારે વાદીના ખાનગી માલિકીના સર્વે નંબરમાં પ્રતિવાદીને રસ્તો આપવો તે ન્યાયોચિત નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ હાલ વાદી તરફે જણાઈ આવે છે. પ્રતિવાદી દ્વારા રજુ રાખવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો પ્રતિવાદી દ્વારા પણ પોતાના સમર્થનમાં સોગંદનામા રજુ રાખેલ છે. પ્રતિવાદીની તરફેણમાં સોગંદનામું કરનાર લાલાજી ચંદુજી ઠાકોર પોતાના સોગંદનામામાં પોતે સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માં આવેલ રસ્તાનો ઉપયોગ કરતાં હોવાની હકીકત જણાવે છે. ઉપરોક્ત સંજોગોમાં હાલના સોગંદનામું કરનાર લાલાજી ચંદુજી તે રસ્તાના લાભાર્થી છે અને તે સ્વતંત્ર ત્રાહિત ગણી શકાય નહી. આ ઉપરાંત, વાદીની તરફેણમાં સોગંદનામું કરનાર સરપંચશ્રી કાળાજી ભીખાજી ઠાકોરે પ્રતિવાદીને પણ દાખલો લખી આપેલ છે કે, આ કામના પ્રતિવાદી રેવાજી આતાજી સર્વે નં.૩૫૭ અને ૩૫૮ માંથી આવતાં–જતાં હતાં અને માથાકુટ એટલે કે તકરાર થયા પછી રસ્તો બંધ કરેલ છે. પ્રતિવાદીને આપેલ દાખલામાં પ્રતિવાદીને અન્ય કોઈ વૈકલ્પિક રસ્તો નથી તેવી કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી.

**(૧૨)** ઉપરોક્ત સમગ્ર રીતે બંને પક્ષનો કેસ જોતાં સર્વે નં.૩૫૭ અને ૩૫૮ ખાનગી માલિકીના વાદીના સર્વે નંબર હોઈ અને તે સર્વે નંબરમાં સમજૂતીથી રસ્તો આવેલ હોવાની હકીકત ખુલવા પામેલ છે, તેમજ ત્રાહિત વ્યક્તિઓના તેમજ સરપંચશ્રીના સોગંદનામાં ઉપરથી પ્રથમ દર્શનીય એ હકીકત સ્પષ્ટ થયેલ છે કે, પ્રતિવાદીને પોતાના સર્વે નં.૨૬૯ માં જવા માટે વૈકલ્પિક માર્ગ આવેલ છે, ત્યારે દાવાના ચાલતાં કામે વાદીની ખાનગી માલિકીની જમીનમાંથી પ્રવેશ કે રસ્તા માટે ટેમ્પરરી પ્રિવેન્ટ કરવા ન્યાયોચિત જણાય છે. આ ઉપરાંત, દાવાના કામે કોઈપણ પક્ષકારને પૂર્વગ્રહ ન થાય તે માટે યોગ્ય ડાયરેક્શન આપવું ન્યાયોચિત જણાય છે. જેથી, ડાયરેક્શન સાથે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

- **વાદીની આંક – ૫ ની આથી મંજુર કરવામાં આવે છે.**
- **દાવાના ચાલતાં કામ દરમિયાન પ્રતિવાદીએ પોતાના સર્વે નં.૨૬૯ માં જવા માટે વાદીના સર્વે નં.૩૫૭ અને ૩૫૮ નો ઉપયોગ કરવો–કરાવવો નહી કે તે જમીનમાંથી રસ્તાનો ઉપયોગ કરવો–કરાવવો નહી.**
- **પ્રતિવાદી પોતાના સર્વે નં.૨૬૯ માં જવા માટે વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવો.**
- **બંને પક્ષકારોએ હુકમની તારીખથી ૩ (ત્રણ) માસમાં દાવાનો ઈફેક્ટીવ ન્યાયિક નિરાકરણ કરવા માટે કોઈપણ પ્રકારની ડીલે ટેક્ટીશ અપનાવ્યા સિવાય બિનચૂક સહકાર આપવો.**
- **વાદીએ હુકમની તારીખથી દિન–૩૦ માં રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરાં) અત્રેની અદાલતમાં ડીપોઝીટ કરાવવાના રહેશે. જે રકમ નિષ્ફળ ગયેથી વળતરને આધિન રહેશે.**

હુકમ આજ તારીખ ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૧૪/૦૯/૨૦૨૩.<br>સ્થળઃ કલોલ. | **( આશિષકુમાર નગીનભાઈ પટેલ )<br>મુખ્ય સીનીયર સિવિલ જજ,<br>કલોલ.<br>UIC No. GJ 00935** |